## નીચેના સ્થાનોમાંથી કોઈ એક પર જઈને રૂબરૂ સહાય મેળવો:

ડાર્ટમાઉથ હિચકોક મેડિકલ સેન્ટર
પેશન્ટ ફાઇનાન્સિયલ સર્વિસીસ/મેઇન મોલ
વન મેડિકલ સેન્ટર ડ્રાઇવ
Lebanon, NH 03756

ડાર્ટમાઉથ હિચકોક ક્લિનિક્સ કોનકોર્ડ
Financial Counselor
253 Pleasant Street
Concord, NH 03301

ડાર્ટમાઉથ હિચકોક ક્લિનિક્સ માન્ચેસ્ટર
Financial Counselor
100 Hitchcock Way
Manchester, NH 03104

ડાર્ટમાઉથ હિચકોક ક્લિનિક્સ નાશુઆ
Financial Counselor
2300 Southwood Drive
Nashua, NH 03063

એલિસ પેક ડે મેમોરિયલ હોસ્પિટલ
Registration/Financial Counselor
10 Alice Peck Day Drive Lebanon,
NH 03766

Cheshire Medical Center
Registration/Cashiers Main Lobby
580 Court Street
Keene, NH 03431

Mt. એસ્કટની હોસ્પિટલ એન્ડ હેલ્થ સેન્ટર(Ascutney Hospital and Health Center)
ફાયનાન્સિયલ કાઉન્સેલર
298 County Road
Windsor, VT 05089

New London Hospital
Financial Counselor/Reception
273 County Road
New London, NH 03257

## અમારા દર્દીના વકીલોમાંના એકને અહીં કૉલ કરો:

(844) 647-6436

## કૃપા કરીને પૂર્ણ થયેલ અરજીઓ અહીં મોકલો:

ડાર્ટમાઉથ-હિચકોક મેડિકલ સેન્ટર
પ્રતિ: PFS - Level 3 – FAA
One Medical Center Drive
Lebanon, NH 03756-0001

ચેશાયર મેડિકલ સેન્ટર
પ્રતિ: PFS – FAA
580 Court Steet
Keene, NH 03431

Mt. એસ્કટની હોસ્પિટલ એન્ડ હેલ્થ સેન્ટર(Ascutney Hospital and Health Center)
પ્રતિ: ફાયનાન્સિયલ કાઉન્સેલર
298 County Road
Windsor, VT 05089

ન્યૂ લંડન હોસ્પિટલ
પ્રતિ: Financial Counselor
273 County Road
New London, NH 03257

Dartmouth Health

dartmouth-hitchcock.org/patients-visitors/financial-assistance

202205-82

Dartmouth Health

# નાણાંકીય સહાયતા પોલિસી



# શું તમને ડાર્ટમાઉથ હેલ્થ ફેસિલિટી પર કટોકટી અથવા તબીબી રીતે જરૂરી સંભાળ માટે તમારું બિલ ચૂકવવા માટે સહાયની જરૂર છે?

## તમે નાણાકીય સહાય માટે પાત્ર બની -શકો છો.

ડાર્ટમાઉથ હેલ્થ લાયકાત ધરાવતા દર્દીઓને આપવામાં આવતી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ માટે મફત અથવા ડિસ્કાઉન્ટેડ ચેરિટી કેર ઓફર કરે છે. જે દર્દીઓને નાણાકીય સહાય માટે લાયક ઠરાવવામાં આવ્યા હોય તેઓની પાસેથી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે વીમા દ્વારા આવરી લેવામાં આવતા દર્દીઓને સમાન સંભાળ માટે સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ કરતાં વધુ ચાર્જ વસૂલ કરી શકાતો નથી.

## નાણાંકીય પોલિસી

ડાર્ટમાઉથ હેલ્થ વ્યક્તિઓને તેમની ચૂકવણી કરવાની ક્ષમતા, નાણાકીય અથવા સરકારી સહાય માટેની પાત્રતા, ઉંમર, લિંગ, જાતિ, ઇમિગ્રેશન સ્થિતિ, જાતીય અભિગમ અથવા ધાર્મિક જોડાણને ધ્યાનમાં લીધા વિના કટોકટીની તબીબી પરિસ્થિતિઓ અને તબીબી રીતે જરૂરી સેવાઓની સંભાળ પૂરી પાડે છે. અમે એવી વ્યક્તિઓને નાણાકીય સહાય પૂરી પાડીએ છીએ કે જેઓ (i) ન્યૂ હેમ્પશાયર અથવા વર્મોન્ટના રહેવાસીઓ અથવા બિન-નિવાસીઓ છે કે જેઓ આ પ્રદેશમાં તબીબી કટોકટીનો અનુભવ કરે છે; વીમો લીધેલ નથી અથવા જેમની પાસે આરોગ્ય વીમો છે પરંતુ કપાતપાત્ર, સહ-ચુકવણી અને સહ-વીમો જેવા ક્ષમતા ઉપરાંતના તબીબી ખર્ચાઓને આવરી લેવામાં મદદ માટે નાણાકીય સહાયની જરૂર છે; કોઈપણ સરકારી આરોગ્ય લાભ કાર્યક્રમ માટે અપાત્ર હોય; અને અમારી નાણાકીય સહાય પોલિસીમાં વર્ણવેલ નાણાકીય પાત્રતા માપદંડોને પૂર્ણ કરતા હોય. અમારી નાણાકીય સહાયતા પોલિસીમાં આગળ વર્ણવ્યા પ્રમાણે સ્થાનિક શરતો અથવા અપવાદો લાગુ થઇ શકે છે. દર્દીઓ પાસેથી

નાણાકીય સહાય મેળવવા અથવા ચૂકવણીના અન્ય સ્ત્રોતો સુધી પહોંચવા માટેની પ્રક્રિયાઓમાં સહકાર આપવાની અને તેમની ચૂકવણી કરવાની ક્ષમતાના આધારે તેમની સંભાળના ખર્ચમાં યોગદાન આપવાની અપેક્ષા રાખવામાં આવે છે.
જે વ્યક્તિઓ સ્વાસ્થ્ય વીમો ખરીદી શકે છે તેમની પાસેથી તેમના એકંદર આરોગ્ય માટે લાભકારક હોય તેમજ તેમની વ્યક્તિગત સંપત્તિ માટે રક્ષણ પૂરું પાડે તેમ હોય તેવી આરોગ્ય સેવાઓની ઍક્સેસ સુનિશ્ચિત કરવા માટે તેમ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

## નાણાકીય સહાય માટે કેવી રીતે અને ક્યારે અરજી કરવી?

તમે તમારી સંભાળ દરમિયાન અથવા પછીના સંગ્રહ ચક્ર દરમિયાન કોઈપણ સમયે અરજી કરી શકો છો. જો કે, અમે તમને એપોઇન્ટમેન્ટ પહેલાં અરજીઓ પૂર્ણ કરવા માટે ભારપૂર્વક પ્રોત્સાહિત કરીએ છીએ. દર્દીના વકીલો તમને વીમા કવરેજ અથવા અન્ય સંસાધનોને ઓળખવામાં અને અરજી કરવામાં અને નાણાકીય સહાય માટે અરજી પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. જો અન્ય તમામ કવરેજ વિકલ્પો સમાપ્ત થઇ ગયા છી તમારી પાસે બાકી બેલેન્સ હોય, તો તમે નાણાકીય સહાય માટે પાત્ર બની શકો છો.
રૂબરૂમાં, ટેલિફોન પર અરજીની વિનંતી કરી શકાય છે: dartmouth-hitchcock.org/patients-visitors/ financial-assistance.

## ડિસ્કાઉન્ટેડ રેટ

જો તમે નાણાકીય સહાય માટે પાત્ર બનતા ન હોય, તો પણ તમે અમારી પોલીસી અનુસાર વીમા વિનાનું ડિસ્કાઉન્ટ અથવા અન્ય ડિસ્કાઉન્ટ માટે પાત્ર બની શકો છો. આ વીમા વિનાનું ડિસ્કાઉન્ટ દર્દીને બિલિંગ અને કોઈપણ નાણાકીય સહાય ગોઠવણો કરતાં પહેલાં લાગુ પડે છે. ડિસ્કાઉન્ટ આંતરિક રેવન્યુ કોડની કલમ 501(r) ને અમલમાં મૂકતા લાગુ થતા નિયમો હેઠળ વર્ણવ્યા મુજબ "સંભવિત મેડિકેર" પદ્ધતિ પર આધારિત છે.
ડિસ્કાઉન્ટના દરો સુવિધા પ્રમાણે અલગ અલગ હોઈ શકે છે.

## નાણાકીય સહાય કેવી રીતે નક્કી કરવામાં આવે છે?

તમને મળતી નાણાકીય સહાયની રકમ ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓની તુલનામાં તમારી કુલ ગ્રોસ આવક અને સંપત્તિ પર આધારિત છે. તમે પાત્ર બની શકો છો: જો તમારી કૌટુંબિક આવક; યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસ દ્વારા જારી કરવામાં આવતી અને વાર્ષિક ધોરણે અપડેટ કરવામાં આવતી ફેડરલ ગરીબી મર્યાદાના 300% અથવા તેનાથી ઓછી હોય; અથવા જો તમે માનતા હોવ કે તમારી અસ્કયામતો, પ્રવાહી અસ્કયામતો અને અન્ય ઉપલબ્ધ સંસાધનો તમારી સંભાળના ખર્ચને આવરી લેવા માટે પૂરતા નથી. તમારી વિનંતી પર, નાણાકીય અરજી ફોર્મ અથવા નાણાકીય સહાય પોલિસીની એક નકલ તમને કોઇ ચાર્જ વિના મોકલવામાં આવશે. ઉપરાંત, આ દસ્તાવેજો અને આ સારાંશ અમારી વેબસાઇટ dartmouth-hitchcock.org/ patients-visitors/financial-assistanceપર ઉપલબ્ધ છે.

*આ દસ્તાવેજો નીચેની ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે: સ્પેનિશ, ફ્રેન્ચ, પોર્ટુગીઝ, ચાઈનીઝ, ગ્રીક, વિયેતનામીસ, નેપાળી, અરબી, રશિયન, બોસ્નિયન, કોરિયન, લાઓ, સોમાલી, સ્વાહિલી અને થાઈ.*